જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૫/૨૦૧૯ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૬૪/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૨૮ લીટર દેશી દારૂ, ૮૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ રીક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૦ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૩૮,૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૬૫/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૭૬૬/૧૯

**સાયબર ક્રાઇમ**ઃ શૈલેશભાઇ ગણપતભાઇ જોષી (ઉ.વ.૪૪) (રહે.કર્ણાવતી એપાર્ટ્મેન્ટ હંશ કોલોની સામે બાપુનગર) એ તા.૨/૫/૧૯ નારોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૧૮ થી તા.૦૮/૦૮/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૭૨૩૭૮૯૩૯૨૭ પરથી મેઘા શ્રીવાસ્તવ નામથી વાત કરનાર તથા મોબાઈલ નંબર ૯૫૯૮૯૩૬૩૭૯, ૭૩૦૯૨૦૫૨૮૭ ના ધારકોએ પરથી વાત કરનાર વ્યક્તિઓએ બેંક કર્મચારીની ખોટી ઓળખ આપી શૈલેશભાઈ જોષીને વિશ્વાસમાં લઈ એ.ટી.એમ.કાર્ડની વિગત મેળવી ઓન લાઇન અલગ-અલગ કુલ રૂપિયા ૯૩,૯૯૬/- ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**વાડજ**ઃ શીરસેન્દુ મનોરંજન રોય (ઉ.વ.૪૦) (રહે. લાલબાગ સોસાયટી સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા પાસે નવા વાડજ) એ તા.૨/૫/૧૯ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૨/૨૦૧૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઈન્દ્રાણી ડો/ઓ મનોજભાઇ ચેટરજી (૨) ચંદ્રાણી ડો/ઓ મનોજભાઇ ચેટરજી (૩) મનોજ ચેટરજી (૪) સોનાલી મનોજભાઇ ચેટરજી (તમામ રહે. શ્રીનંદનગર વેજલપુર) એ ભેગા મળી ખોટી રીતે લગ્ન કરાવવાનુ કાવતરૂ રચી અમો ડાબેરીવાદમાં માનીએ જેથી લગ્નના ફેરા ફરતા નથી અને અમો લગ્નની માળા તેમજ સિંદૂર ભરી લગ્ન થઇ ગયેલાનુ માનીએ છીએ તેમ કહી શીરસેન્દુ રોય સાથે લગ્ન કરવાના બહાને આશરે આઠ તોલા વજનના દાગીના અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- લઇ લગ્ન નહીં કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એ રાઠવા ચલાવે છે.

**કાગડાપીઠ**: નિતિશભાઇ રમેશભાઇ કીશનચંદાની (રહે. ગંગોત્રી બંગ્લોઝ બંગ્લો એરીયા કુબેરનગર) એ તા.૨/૫/૧૯ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી(૧) મુકેશ જયરામ આહુજા (રહે-ઇ/૨૫૦ રાજાવીર ,કુબેરનગર મહાવીર કસરત શાળાની બાજુમાં (૨) રાજેશભાઇ મેસર્સ શીવ શક્તિ ટેક્ષટાઇલ (રહે-દુ.ન.૫૦૪/૭ બી કીષ્ણા ગલી. કટરાનીલ ચાંદની ચોક દીલ્લી (૩) મેસર્સ ગાયત્રી ટેક્ષટાઇલનાના પ્રોપરાઇટર શ્રી નરેશ વાસુદેવ દેવજાની (રહે- પાર્ટ -૧૦ પાર્શ્વનાથ ટાઉનશીપ નવા નરોડા) (૪) મેસર્સ ગુપ્તા ટેક્ષટાઇલના પ્રોપરાઇટર શ્રી મનોહર ડી.લાલવાની (રહે-દુ.ન.૫૧૭/3 ટંડન માર્કેટ ક્રીષ્ણા ગલી ચાંદની ચોક દીલ્લી) (૫) મેસર્સ રાધાક્રીષ્ણા ટેક્સટાઇલ શ્રી પ્રદીપભાઇ ઉર્ફે ગોપાલભાઇ (રહે.શોપ-નં ૫૮૧ ગ્રાઉન્ડ ફ્લોર ગલી ઘંટેશ્વર કટરાનીલ ચાંદની ચોક દીલ્લી) (૬) મેસર્સમા ક્રીપા ટેક્ષટાઇલ ઘનશ્યામભાઇ એ.વાઘમારે (રહે.૨૨૯૨/૨ પીરજી મહોલ્લા મેઇન ચોક રામા કોલોની શોરી ક્લોથ માર્કેટ રોહતક હરીયાણા) એ ભેગા મળી કાગડાપીઠ સફલ માર્કેટ ખાતેથી કુલ રૂપિયા ૨૧,૮૧,૪૨૧/- તથા સાહેદો પાસેથી કુલ રૂપિયા ૪૬,૯૭,૬૦૩/- મળી કુલ રૂપિયા ૬૮,૭૯,૦૨૪/- નુ કાપડ ખરીદી સને ૨૦૧૮ થી આજદીન સુધી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.જાડેજા ચલાવે છે.

**નવરંગપુરા**: હસમુખભાઈ ગોવિંદભાઈ દવે (ઉ.વ.૫૫) (રહે.શ્યામ બંગ્લોઝ પાર્ટ-૨, વાળીનાથ ચોક આઈ.ઓ.સી રોડ ચાંદખેડા) એ તા.૨/૫/૧૯ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૯/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રાજકુમાર શ્યામસુંદર સબુ હોદો- હોલટાઈમ ડાયરેક્ટર (રહે. ગોર્ડનીયા-બી વસંત વેલી ગોરેગાંવ,મુંબઈ પુર્વ (૨) ઓમપ્રકાશ મોતીલાલ સબુ હોદો-હોલ ટાઈમ ડાયરેક્ટર (રહે. વીસમો માળ કલ્પતરૂ હોટ્રીઝન, વર્લી મુંબઈ (૩) હિમ્મતસિંગ બગડ ડાયરેક્ટર (રહે. અથાશ્રી/૪, એસ.એન/૧૩૫/૧/૩એ/એ મુંઢાવા રોડ, હૃદયસર (૪) શ્રીમતી શર્મિલા સબુ ડાયરેક્ટર (રહે. વીસમો માળ, કલ્પતરૂ હોરીઝન એસ.કે, આહીર માર્ગ, વર્લી,મુંબઈ (૫) ભરતભાઈ ઠક્કર એડીશનલ ડાયરેક્ટર (રહે. ૫/ભુપેન્દ્રવિલા/૫૪૬, જામે જમસેલ રોડ,મુંબઈ) એ ભેગા મળી નવરંગપુરા, પ્રીમિયમ હાઉસમાં આવેલ ફર્સ્ટ ફ્લાઈટ કુરિયર્સ લિમીટેડ કંપનીની ઓફીસ ખાતે ફર્સ્ટ ફ્લાઈટ કુરિયર્સ લિમીટેડ કંપનીમાં હોલ ડાયરેક્ટર તથા ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા વ્યક્તિઓએ તેઓની કંપનીમાં કામ કરતા ૨૭૪ જેટલા કર્મચારીના માહે ઓગસ્ટ ૨૦૧૮ ના વ્યક્તિ દીઠ કુલ પગારના બેઝિક ૧૨% લેખે પી.એફ.ની રકમ કપાત કરી કુલ રૂપિયા ૧,૯૫,૧૦૧/- પી.એફ ઓફીસે જમા નહી કરાવી કર્મચારી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૭૬૭/૧૯**

**વેજલપુર**: સમસાદબાનુ વા/ઓ રફીકભાઇ પઠાણ (રહે. અક્સા ફ્લેટ, અક્સા મસ્જીદની બાજુમાં કેનાલ પાછળ, આર.સી.સી.રોડ ફતેવાડી) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૫/૧૯ સવારના ૧૧/૦૦ થી બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તિજોરીમાથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા રૂપિયા મળી રૂપિયા ૪૭,૦૦૦/- તેમજ સમસાદબાનુ પઠાણના પાડોશી મહમદ નદિમ મોહમદ નાસિર શેખ નાઓના મકાનમાથી દાગીના તથા ચીજ-વસ્તુ મળી રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. જી.જે.ચાવડા ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૭૬૮/૧૯**

**માધવપુરાઃ** કૈલાસબહેન વા/ઓ મહેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૫૫) (રહે. ધનશ્યામ એપાર્ટમેન્ટ મેઘાણીનગર) તા.૨/૫/૧૯ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે સ્વામિનારાયણ મંદીર પાછળના ગેટ નં-૭ આગળથી પુત્રી સાથે એક્ટીવા પર બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ પુરૂષે કૈલાષબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૨,૫૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કૈલાસબહેન પટેલે માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.બારોટ ચલાવે છે.

**નરોડાઃ** (૧) પ્રતીકભાઇ સ/ઓ નરેન્દ્રભાઇ પંચાલ (ઉ.વ.૨૯) (રહે. અશ્વમેધ સોસાયટી ગાયત્રી સ્કૂલની બાજુમા પાયલનગર રોડ) તા.૧/૫/૧૯ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે ચૌધરી હોસ્પિટલથી નરોડા પાટીયા જતા યુ.કે. ભાટીયા હાડ્વૈદ દવાખાના નજીકથી એક્ટીવા ચલાવી માતા સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પ્રતિકભાઈના માતાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રતિકભાઈ પંચાલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

નરોડાઃ (૨) સંગીતાબહેન વા/ઓફ કિશોરસીહ સીસોદીયા (ઉ.વ.૪૨) (રહે. શ્રીધર સોસાયટી સ્વપન સૃષ્ટી સોસાયટી સામે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૫/૧૯ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે નરોડા હરીદર્શન રોડ ઉપર આવેલ સ્વામીનારાયણ મંદીરનો કોર્ટ નજીકથી એક રિક્ષામાં આવેલ ત્રણ અજાણ્યા પુરૂષોએ સંગીતાબહેન પાસેના સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૮૭,૦૦૦/- મત્તાની લૂંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૬૯/૧૯**

**ઇસનપુરઃ** પુષ્પાબહેન વા/ઓ ચંદ્રલાલ જૈન (ઉ.વ.૬૫) (રહે.જશોદા પાર્ક સોસાયટી કોસમોસ સ્કુલની ગલીમાં રાજેશ્વરી કેનાલ ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૫/૧૯ કલાક ૬/૧૫ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન ગીતા મંદિર એસ.ટી. બસ ડેપોથી શટલ ઓટોરિક્ષામાં બેસી મીરા ચાર રસ્તા શાહઆલમ આવ્યા ત્યારે આ મુસાફરી દરમ્યાન રિક્ષામાં બેઠેલ બે પુરૂષો અને એક સ્ત્રીએ રિક્ષા ચાલકની મદદગારી થી પુષ્પાબહેનની નજર ચુકવી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૩૦,૦૦૦/- સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૪,૦૦૦/- મત્તાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

**વાસણાઃ** કાર્તીકકુમાર આર્દશકુમાર કુમાર (રહે.ચીત્રકુટ ફલેટ એકતા ટાવર પાસે બેરેજ રોડ વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૫/૧૯ કલાક ૬/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાંથી મોબાઈલ ફોન નંગ-૨ કિમત રૂપિયા ૧,૨૧,૯૯૦/- અને પર્શમાથી રોકડ રૂપિયા ૧૫૦૦/-મળી કુલ રૂપિયા ૧,૨૩,૪૯૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.સુર્યવંશી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૭૦/૧૯**

**આનંદનગરઃ** અમૃતાબહેન ઉર્ફે ચકુબહેન અશોકભાઈ વાઘેલા (ઉ.વ.૨૫) (રહે. ચન્દ્રનગર સીમાહોલ સામે આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૧/૫/૧૯ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે શ્યામલ મેડીલીંક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** ઉર્મીલાબહેન વા/ઓ રામસ્વરૂપ બઘેલ (ઉ.વ.૩૮) (રહે. સાવધાનસીંગની ચાલી મેઘાણીનગર) એ બિમારીથી કંટાળી તા.૩/૩/૧૯ નારોજ પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર દરમ્યાન તા.૨/૫/૧૯ નારોજ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.સિંધવ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.